રજૂ તારીખ :૨૦/૦૩/૨૦૨૬.
દાખલ તારીખ :૨૦/૦૩/૨૦૨૬.
ફેંસલ તારીખ :૧૦/૦૪/૨૦૨૬.
અવધિ :વર્ષ–૦૦,માસ–૦૦,દિન–૨૨.
આંક : .

**મે. સુરતના ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુકામ : બારડોલી.**

**ફોજદારી જામીન અરજી નંબર : ૨૩૯/૨૦૨૬.**

**અરજદારો :–** (૧) **યાસીન ઉર્ફે આસિન મોહમદ સરીફ કલર,**
રહેવાસી : પ્રકાશ નગર, તાલુકો : માંડવી,
જીલ્લો : સુરત.
મૂળ રહેવાસી : ચાખુ ગામ, નારણપુરા વાસ,
ઘંટીયાલી, તાલુકો : ફલેદી, જોધપુર, રાજસ્થાન.

(૨) **સિકંદર મુસેખાન કલર,**
રહેવાસી : પ્રકાશ નગર, તાલુકો : માંડવી,
જીલ્લો : સુરત.
મૂળ રહેવાસી : ચાખુ, તાલુકો : બાપ, મટોલ,
જોધપુર, રાજસ્થાન.

**વિરૂદ્ધ**

**સામાવાળા :–** **ધી સ્ટેટ ઓફ ગુજરાત.**

**વિષય :–** **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ મુજબ જામીન અરજી.**

==================================================

**અરજદારો તરફે વિદ્વાન વકીલ શ્રી કે. કે. રાઠોડ.**

**સામાવાળા તરફે વિ. એ.પી.પી. શ્રી એન. એચ. પટેલ.**

==================================================

**–:: ચુ કા દો::–**

(૧) હાલના અરજદારો/આરોપીઓએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટે હાલની અરજી કરેલ છે.

(૨) આ કામના અરજદારો/આરોપીઓની અરજીની ટૂંકમાં વિગત એવી છે કે, બારડોલી રૂરલ પોલિસ સ્ટેશન પાર્ટ "એ" ગુના રજી. નંબર : ૧૧૨૧૪૦૭૦૨૬૦૧૭૪/૨૦૨૬, ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૦૮(૫), ૩૫૧(૩), ૨૦૪, ૧૨૬(૨), ૫૪, ૩(૫) મુજબના ગુનાના કામે હાલના અરજદારોને અટક કરવામાં આવેલા છે. અરજદારો/આરોપીઓ હાલ જયુડિશ્યલ કસ્ટડીમાં હોવાથી જામીન ઉપર મુકત થવા માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ મુજબ હાલની જામીન અરજી દાખલ કરવામાં આવેલ છે.

(૩) અરજદારો/આરોપીઓના વિ. વકીલ શ્રી કે. કે. રાઠોડની દલીલો સાંભળી. તેઓની એવી રજૂઆત છે કે, આ કામના અરજદારો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૦૮(૫), ૩૫૧(૩), ૨૦૪, ૧૨૬(૨), ૫૪, ૩(૫) મુજબના ગુનાનો આક્ષેપ છે. અરજદારોએ ફરિયાદમાં જણાવ્યા મુજબનો કોઇ ગુનો કરેલ નથી. અરજદારો નિર્દોષ છે અને અરજદારોને સદર ગુનામાં ખોટી રીતે સંડોવી દેવામાં આવેલા છે. અરજદારો/આરોપીઓએ કહેવાતા ગુનામાં સીધી કે આડકતરી રીતે કોઇ ભાગ ભજવેલ નથી. માત્ર શંકાના આધારે અરજદારોને અટક કરવામાં આવેલા છે. આરોપીઓ સામે આજીવન કેદ કે મોતની સજાને પાત્ર ગુનાનો કોઇ આક્ષેપ નથી. અરજદારો રાજસ્થાન રાજયના કાયમી રહીશ છે. અરજદારો ઉપર પરિવારના ભરણપોષણની જવાબદારી છે. અરજદારોનો કોઇ ગુનાહિત ઈતિહાસ નથી. અરજદારોને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો તેઓ નાસી ભાગી જાય તેમ નથી અને સાહેદોને ફોડવાની કોશિશ કરે તેમ પણ નથી. સદર ગુનાનો કેસ ચાલી આખરી નિકાલ આવતાં ઘણો સમય જાય તેમ છે. નામ. અદાલત જે શરતો ફરમાવશે તેનું પાલન કરવા અરજદારો રાજીખુશી છે. આમ, ઉપરોકત હકીકતો જણાવી આરોપીઓને જામીન ઉપર મુકત કરવા અરજ કરેલ છે.

(૪) સદર કામે વિ. એ.પી.પી. શ્રી એન. એચ. પટેલની દલીલો સાંભળી. તેઓની રજૂઆત છે કે, આ કામના અરજદારો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૦૮(૫), ૩૫૧(૩), ૨૦૪, ૧૨૬(૨), ૫૪, ૩(૫)

મુજબના ગુનાનો આક્ષેપ છે. સદર ગુનાના આરોપીઓએ ફરિયાદીનો ટેમ્પો ઊભો રખાવી ગેસના બાટલા કયાંથી ભરીને લાવ્યા અને બે નંબરના બાટલા છે તેમ જણાવી પૂરવઠા વિભાગને જાણ કરવાની ધમકી આપી ફરિયાદીના મેનેજરને પોલિસ તરીકેની ઓળખ આપી પચાસ હજારની માંગણી કરી અને મેનેજર પાસેથી પચાસ હજાર રૂપિયા બળજબરીથી કઢાવેલા. હાલનો ગુનો તમામ આરોપીઓએ ભેગા મળી આચરેલ છે અને હાલના અરજદારોએ ગુનામાં સક્રિય ભૂમિકા ભજવેલ છે. પોલિસ તપાસના કાગળો વંચાણે લેતાં અરજદારોએ સદર ગુનામાં સક્રિય ભૂમિકા ભજવેલ હોવાનું અને તેઓ સામે પ્રથમદર્શનીય કેસ હોવાનું જણાઇ આવે છે. હાલમાં સદર ગુનાની તપાસ ચાલુ છે. અરજદારો રાજસ્થાન રાજયના કાયમી રહેવાસી છે. જો અરજદારોને જામીન ઉપર મુકત કરવામાં આવે તો તેઓ પુરાવા સાથે ચેડાં કરે અથવા નાસી ભાગી જાય તેવી સંભાવના રહેલી છે. આમ, ઉપરોકત હકીકતો જણાવી આરોપીઓની જામીન અરજી નામંજૂર કરવા વિનંતી કરેલ છે.

(૫) આમ, ઉપર મુજબની બંને પક્ષકારોના વિ. વકીલશ્રીઓની રજૂઆતો સાંભળી. તપાસનીશ અમલદારની એફીડેવીટ પણ વંચાણે લીધી. પોલિસ તપાસના કાગળો વંચાણે લીધાં.

(૬) આ કામે પોલિસ તપાસના કાગળો જોતાં તેમજ ફરિયાદ હકીકતને ધ્યાને લેતાં આ કામના અરજદારો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૦૮(૫), ૩૫૧(૩), ૨૦૪, ૧૨૬(૨), ૫૪, ૩(૫) મુજબના ગુનાનો આક્ષેપ છે. ફરિયાદી ટેમ્પોમાં ગેસના બાટલાઓ ભરી ગ્રાહકોને આપવા માટે વાંકાનેર જઇ રહ્યા હતા ત્યારે સદર ગુનાના આરોપીઓએ ફરિયાદીનો ટેમ્પો ઊભો રખાવી ગેસના બાટલા કયાંથી ભરીને લાવ્યા અને બે નંબરના બાટલા છે તેમ જણાવી પૂરવઠા વિભાગને જાણ કરવાની ધમકી આપેલ, ફરિયાદીએ આપેલા બિલો ખોટાં હોવાનું જણાવી ફરિયાદીના મેનેજરને પોલિસ તરીકેની ખોટી ઓળખ આપી પચાસ હજારની માંગણી કરેલ, ટેમ્પાનું વિડિયો રેકોર્ડિંગ કરી કેસ કરવાની, મિડિયામાં વિડિંયો વાઇરલ કરી એજન્સી બ ધ કરાવી દેવાની ધમકી આપેલ અને સાહેદ અજયભાઇ પાસેથી પચાસ હજાર રૂપિયા બળજબરીથી કઢાવેલા. આમ,

હાલના અરજદારો સામે ફરિયાદીને પોલિસ તરીકેની ખોટી ઓળખ આપી ગેસના બાટલાઓ ગેરકાયદેસર રીતે વેચાણ કરતાં હોવાનું જણાવી, પોલિસ કેસ કરવાની તથા વિડિંયો વાઇરલ કરી એજન્સી બ ંધ કરી દેવાની ધમકી આપી બળજબરીથી પચાસ હજાર કઢાવેલ હોવાનો આક્ષેપ જણાઇ આવે છે. અરજદારો સામેના આક્ષેપિત ગુનાઓ ધ્યાને લેતાં તેઓ સામે આજીવન કેદ કે મોતની સજાને પાત્ર ગુનાનો કોઇ આક્ષેપ નથી. વળી, ગુનાનો પ્રકાર જોતાં આરોપીઓ પુરાવા સાથે ચેડાં કરે તેમ પણ જણાઇ આવતું નથી. આરોપીઓ સામેના ગુનાની ટ્રાયલ વિ. મેજીસ્ટ્રેટશ્રીની અદાલતમાં ચાલવા પાત્ર છે અને આરોપીઓ સામેની ટ્રાયલ ચાલતાં સમય જાય તેમ છે. આરોપીઓએ અજયભાઇ પાસેથી પચાસ હજાર બળજબરીથી કઢાવેલા તે રકમ ગુનાની તપાસ દરમ્યાન કબજે કરવામાં આવેલ છે. અરજદારો સામે અન્ય ગુનાઓ નોંધાયેલ હોવાની કોઇ હકીકત તપાસનીશ અધિકારીની એફીડેવીટ જોતાં જણાઇ આવતી નથી, એટલે કે અરજદારોનો કોઇ ગુનાહિત ઇતિહાસ નથી. અરજદારો રાજસ્થાન રાજયના કાયમી રહીશ છે, જે હકીકત ધ્યાને લેતાં ટ્રાયલ સમયે અરજદારોની હાજરી ઉપલબ્ધ બની રહે તે માટે યોગ્ય શરતો લાદવાનું જરૂરી જણાય છે. આમ, ઉપરોકત સંજોગોમાં આરોપીઓને અન્ડર ટ્રાયલ પ્રિઝનર તરીકે જયુડિશ્યલ કસ્ટડીમાં રાખવાથી કાયદાનો કોઇ ચોકકસ હેતુ બર આવે તેવું જણાઇ આવતું નથી. ઉપરોકત તમામ પરિબળોની સાથે સાથે નામદાર સુપ્રિમ કોર્ટના સંજય ચંદ્રા વિરૂદ્ધ સી.બી.આઇ., ૨૦૧૨ ક્રિમિનલ લો જર્નલ, પાના નંબર : ૭૦૨ (એસ.સી.)ના ચુકાદામાં ઠરાવવામાં આવેલા સિદ્ધાંતોને ધ્યાને લેતાં આરોપીઓને યોગ્ય શરતોને આધિન જામીન ઉપર મુકત કરવાનું ન્યાયોચિત જણાય છે, જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

(૧) અરજદારો/આરોપીઓ (૧) યાસીન ઉર્ફે આસિન મોહમદ સરીફ કલર તથા (૨) સિકંદર મુસેખાન કલરનાઓની હાલની ફોજદારી જામીન અરજી નંબર : ૨૩૯/૨૦૨૬ આથી મંજૂર કરવામાં આવે છે.

(૨) બારડોલી રૂરલ પોલિસ સ્ટેશન પાર્ટ "એ" ગુના રજી. નંબર : ૧૧૨૧૪૦૭૦૨૬૦૧૭૪/૨૦૨૬, ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૦૮(૫), ૩૫૧(૩), ૨૦૪, ૧૨૬(૨), ૫૪, ૩(૫) મુજબના ગુનાના કામે દરેક અરજદાર/આરોપી રૂા.૫૦,૦૦૦/– અંકે રૂપિયા પચાસ હજાર પૂરાના જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો સંબંધિત વિ. મેજીસ્ટ્રેટશ્રીની અદાલતમાં આપ્યેથી તેઓને નીચેની શરતોને આધિન જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**–:: શ ર તો ::–**

(૧) અરજદારો/આરોપીઓએ ફરિયાદપક્ષના પુરાવા સાથે ચેડાં કરવા નહીં અને ટ્રાયલ દરમ્યાન અદાલતમાં નિયમિત હાજર રહેવું.

(૨) અરજદારો/આરોપીઓએ વિ. ટ્રાયલ કોર્ટ સમક્ષ પોતાના કાયમી રહેઠાણનું સરનામું તથા ધંધાનું સરનામું રજૂ કરવું.

(૩) અરજદારો/આરોપીઓ જો પાસપોર્ટ ધરાવતા હોય તો તે વિ. મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટમાં જમા કરાવવો અને જો ન ધરાવતા હોય તો તે અંગેનું સોગંદનામું રજૂ કરવું.

(૪) અરજદારો/આરોપીઓએ સદરહુ કેસનો આખરી નિકાલ ન થાય ત્યાં સુધી વિ. ટ્રાયલ કોર્ટની પરવાનગી વિના ભારત દેશની હદ છોડવી નહીં.

(૫) અરજદારો/આરોપીઓએ આ હુકમની તારીખથી પાંચ માસ સુધી દર અંગ્રેજી માસની ૧ થી ૫ તારીખ સુધીમાં કોઇ પણ એક દિવસે સંબંધિત પોલિસ સ્ટેશનમાં સવારે ૧૦:૦૦ થી ૧૩:૦૦ વાગ્યા દરમ્યાન હાજરી પૂરાવવી અને જો આ સમયગાળા દરમ્યાન ચાર્જશીટ દાખલ થાય તો ચાર્જશીટ દાખલ થયા બાદ અરજદારોએ હાજરી પૂરાવવાની રહેશે નહીં.

આ હુકમની યાદી સંબંધિત વિ. મેજીસ્ટ્રેટશ્રીની અદાલતમાં તથા સંબંધિત પોલિસ સ્ટેશનમાં મોકલી આપવી.

હુકમ આજ **તારીખ :** ૧૦ મી**, માહે :** એપ્રિલ**, સને :** ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**તારીખ :** ૧૦/૦૪/૨૦૨૬.
**બારડોલી.**

**( પ્રિત કમલ તીરથ રામ )**
ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ**,** સુરત**,**
મુકામ : બારડોલી**,** જિલ્લો : સુરત.
U.I. CODE– GJ01594